


રવિવાર એટલે મન ગમતી પ્રવૃત્તિ કરવાનો દિવસ. મોટેરાંઓ આરામ કરી દિવસ પસાર કરે તો ગૃહિણીઓ ઘરની ચીજવસ્તુઓની ખરીદી કરે જ્યારે યુવાનો મિત્રો સાથે રમતગમતની મજા માણે. રવિવાર હોય એટલે સેક્ટર-૧૧નું રામકથા મેદાન યુવાનોથી ભરાઈ જાય જુદી જુદી વયજુથના યુવાનો અલગ અલગ ટીમ બનાવી આખો દિવસ અહીં ક્રિકેટની રમતની મજા માણે છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ડેડી તમે આવું ન કહી શકો કે આખું વર્ષ મે શું કર્યું...? પહેલો ડોઝ લીધો, બીજો લીધો અને બુસ્ટર ડોઝ પણ...!!

# લાંચ લેતા ઝડપાયેલા સાળા બનેવી બે દિવસના રિમાન્ડ પર

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર રીજનલ ફાયર ઓફિસર મહેશ રવિદાન મોડને રૂ.૫ લાખની લાંચ લેતા રંગેહાથ એસીબીએ ઝડપી પાડ્યા છે. ફાયરનું પ્રિ એનઓસી માટે મહેશ મોડે લાંચની રકમની માંગણી કરી હતી. જેથી એસીબી દ્વારા સેકટર-૧૭ ફાયર ઓફિસ ખાતે લાંચનું છટકુ ગોઠવી ફાયર ઓફિસર વતી લાંચ લેનાર વચેટીયા સાળાને દબોચી પાડ્યો હતો. ત્યારે ફાયર ઓફિસર મહેશ મોડ અને તેમના વચેટીયો સાળા કમલ ગઢવીના બે દિવસના રિમાન્ડ મંજુર થયા છે. ત્યારે એસીબી દ્વારા બંન્ને કોર્ટમાં રજુ કરી ૧૦ દિવસના રીમાન્ડ માંગવામાં આવ્યા હતા. બંન્નેના બે દિવસના રીમાન્ડ મળતા એસીબી દ્વારા આગળની તપાસ તેજ કરી દેવામાં આવી છે.

ગીફટસીટી ખાતે રેવા બિલ્ડીંગ અને રાયસણ ખાતે અંતરીક્ષ બિલ્ડીંગના ફાયર સેફટી માટે પ્રિ એનઓસી લેવા માટે અરજદારે સ્ટેટ ફાયર પ્રિવેન્શન સર્વિસ ખાતે અરજી કરી હતી. ત્યારે બંને સ્થળની એનઓસી આપવા માટે વ્યવહાર પેટે રૂ.૫ લાખની માંગ ફાયર ઓફિસર દ્વારા કરાઈ હતી. જેથી ફરીયાદી દ્વારા એસીબીમાં ફરીયાદ કરાઈ હતી. જેને પગલે એસીબી દ્વારા સેકટર-૧૭ ફાયર ઓફિસ ખાતે છટકુ ગોઠવાયુ હતું. જેમાં ફાયર ઓફિસર મહેશ મોડે લાંચના રૂપીયા વચેટીયા સાળા કમલ ગઢવીને આપવા માટે જણાવ્યું હતું. ત્યારે ફાયર કચેરીના પાર્કિંગ પાસે જ લાંચના રૂ.૫ લાખ સ્વીકારતા કમલ ગઢવી અને ફાયર ઓફિસરને એસીબીએ પકડી પાડ્યા હતા. મહેશ મોડના ઘરે પણ એસીબી દ્વારા તપાસ કરવામાં આવી હતી. પરંતુ ઘરમાંથી કોઈ શંકાસ્પદ હાથ લાગ્યું નથી. ત્યારે ઘરને પણ સીલ મારવામાં આવ્યું છે. એસીબી દ્વારા લાંચના રૂપીયાનું રોકાણ કયાં કરવામાં આવ્યું છે તેની ઉંડાણપૂર્વક તપાસ થશે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગરમાં આજે પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડ તેમજ શિસ્ત સમિતિની બેઠક મળી હતી.
- શહેરના ૨૬૫ બુથો પર આજે પ્રધાનમંત્રીનો મન કી બાત નો કાર્યક્રમ સાંભળવામાં આવ્યો હતો તેમ ભાજપની યાદીમાં જણાવાયુ છે.
- ગાંધીનગર શહેરમાં કોરોનાના રોજના ૨ હજારથી વધુ ટેસ્ટ કરવામાં આવે છે.
- ફેબ્રુઆરીની પાંચમી તારીખથી લગ્નસરાની મોસમ ફરી ખીલશે.
- ગાંધીનગરમાં તીવ્ર ઠંડીનું મોજુ યથાવત્ રહ્યુ છે. આજે રજાના દિવસે પણ લોકોએ ઘરમાં જ રહેવાનું પસંદ કર્યુ હતુ.
- રાજય સરકાર દ્વારા અંદાજપત્રને આખરી ઓપ આપવાની કામગીરી ચાલી રહી છે. મુખ્યમંત્રીના નિવાસસ્થાને વિભાગો દ્વારા પાવર પોઈંટ પ્રેઝન્ટેશનો રજુ કરવામાં આવી રહ્યા છે.
- ગાંધીનગર શહેરમાં મુકાયેલી કચરાપેટીઓ નિયમિત રીતે નહિ ઉપાડવામાં આવતી ફરિયાદો ઉઠી છે.
- શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં પાણી માટે નવા ૧૨ બોર બનાવવા માટે મનપાએ પાણી પુરવઠા વિભાગને પત્ર પાઠવ્યો.
- ગાંધીનગર જિલ્લામાં બટાટાના નવા પાકની ધીમી ગતિએ આવક શરૂ થઈ છે.
- ગાંધીનગર શહેરના રંગમંચોની સફાઈ પણ નિયમિત નહિ થતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

# સેકટરોમાં નવી ગટર લાઈન નાંખવા માટે રૂટનો યોગ્ય અભ્યાસ કરાશે

ગાંધીનગર તા ૩૦

સ્માર્ટ ગાંધીનગરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવાની સાથે દાયકાઓ જુની ગટર લાઈન પણ હવે બિનઉપયોગી પુરવાર થઈ રહી છે. સેકટરોમાં છાશવારે ગટરોનુ દુષિત પાણી ફરી વળતુ હોવાની ફરિયાદો પણ વધી છે. જેના લીધે તંત્ર માટે મોટો શિરદર્દ ઉભો થયો છે. જો કે હવે ગટર લાઈનનુ કામ પણ ઝડપથી હાથ ધરવા માટે આયોજન કરી દેવાયુ છે સેકટરના એક ખુંણેથી લાઈનનુ કામ પણ શરૂ કરી દેવામાં આવ્યુ છે. ત્યારે રૂટમાં હરિયાળા વૃક્ષોને બને ત્યાં સુધી ઓછુ નુકશાન થાય તે દિશામાં પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. આ માટે રૂટનો યોગ્ય અભ્યાસ પણ કરવામાં આવી રહ્યો છે.

ગાંધીનગરમાં ૨૪ કલાક પાણી સપ્લાય માટે નવી લાઈન નાંખવાનુ કામ શરૂ કરાયુ છે. જેથી આગામી વર્ષોમાં શહેરમાં નળ ખોલો ત્યારે પાણી આવશ જો કે આ માટે મીટર પધ્ધિતનો પણ અમલ કરવામાં આવશે જયારે સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે શહેરમાં પાણીની લાઈન બદલવાની કામગીરી સાથે હવે ટુંકમાં ગટર લાઈન પણ નવી નાંખવામાં આવશે દાયકાઓ જુની લાઈનના લીધે હાલ સેકટરોમાં ઠેર ઠેર ગટરના દુષિત પાણી ફરી વળે છે. જયારે આ સ્થિતિ વચ્ચે સ્થાનિક રહીશો પણ તંગ છે. જયારે ગટર લાઈન સેકટરની વસતી અને વિકાસ મુજબ નાંખવા માટે ટેન્ડર પ્રક્રીયા સહીતનુ કામ પુર્ણ કરીં દવાયુ છે. ટુંકમાં લાઈન નાંખવા માટેની કામગીરી પણ તેજ ગતિએ હાથ ધરાશે. સેકટરમાં પાણી ગટર લાઈન નવી નાંખવાની કામગીરી સંદર્ભે અન્ય યુટીલીટીઝ લાઈન તેમજ રૂટમાં આવતા વૃક્ષો સંદર્ભે પણ તંત્ર કક્ષાએથી અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. સેકટરોમાં પણ વધતા ફેન્સીંગના દબાણો વચ્ચે પાણી ગટરની નવી લાઈન નાંખવાની કામગીરી થોડી જટીલ પુરવાર થાય તેવી સ્થિતિ છે. ગટર લાઈનનુ કામ પણ કરોડોના ખર્ચે હાથ ધરવામાં આવનાર છે. ચાર દાયકાથી વધુ સમયથી જુની લાઈન હાલ બદલવી અનિવાર્ય છે. જયારે સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે સેકટરોના માર્ગોનુ વાઈડનીંગ અને માળખાગત સુવિધાઓ એપગ્રેડ કરવામાં આવી રહી છે. ત્યારે પાણી ગટરની વ્યવસ્થાને યોગ્ય કરવાનુ કામ મુખ્ય છે. ત્યારે પાણીની લાઈન નાંખવા માટે પણ વૃક્ષોની કટોતી કરવી પડે તેમ છે. જયારે ગટર લાઈનને અનુલક્ષી રૂટમાં આવતા વૃક્ષો સંદર્ભે પણ યોગ્ય અભ્યાસ કરવામાં આવી રહ્યો છે જેના અંતે હરિયાળા વૃક્ષોનુ છેદન બને ત્યાં સુધી ઓછુ થાય તે મુજબ યોજનાનુ કામ હાથ ધરવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. શહેરમાં પાણી ગટરની લાઈન સાડા ચાર દાયકાથી પણ જુની છે જેના લીધે સેકટરોમાં રોજબરોજ નતનવા પ્રશ્નો તંત્ર માટે શિરદર્દ બન્યા છે. સેકટરની વસતી અને વિકાસ મુજબ વપરાશ પણ વધ્યો છે. ત્યારે લાઈન અપગ્રેડ કરવા માટે પણ ઝડપથી કામ પુર્ણ કરવાની દીશમાં આયોજન થઈ રહ્યુ છે. જો કે સેકટરોમાં તબક્કાવાર લાઈનનુ કામ હાથ ધરવા માટે પણ આયોજન કરાયુ છે.




## લવારપુર હુડકોમાંથી વિવિધ બ્રાન્ડની ૧૮૯ બોટલ દારૂ ઝડપાયો

ગાંધીનગર લવારપુર હુડકોના ઘરની બાજુમાં છાપરામાંથી એલસીબી-૨ પોલીસે રૂ. ૧ લાખથી વધુની વિવિધ બ્રાન્ડની દારૂની ૧૮૯ બોટલ સાથે એક આરોપીને પકડી પાડી વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીનગર એલીસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ એસ.પી.જાડેજા અને જવાનો કાર્યરત હતા. તે સમયે એએસઆઈ યજવેન્દ્રસિંહ કીરીટસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે લવારપુર હુડકોના મકાનની બાજુમાં આવેલા છાપરામાંથી ભારતીય બનાવટની વિવિધ બ્રાન્ડની દારૂની ૧૮૯ બોટલ કિં.રૂ.૧,૦૭,૯૫૮ નો મુદ્દામાલ સાથે આરોપી વિનુજી કાળાજી ચૌહાણ (રહે. લવારપુર હુડકો) ને પકડી પાડ્યો છે.જયારે બીજો આરોપી મનોજ ભેમાજી ઠાકોર (રહે. લવારપુર હુડકો) વોન્ટેડ છે. પોલીસે ડભોડા પોલીસ મથકે ગુનો નોંધાવી વધુ તપાસ હાથ ધરી છે.

# છાલા સુજલામ-સુફલામ કેનાલ પાસે જુગાર રમતા ૩ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૩૦

છાલા સુજલામ-સુફલામ કેનાલ પાસે જુગાર રમતા ત્રણ જુગારીઓને પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૮,૭૦૦ અને ત્રણ મોબાઈલ કિં.રૂ.૧૫,૦૦૦ મળી કુલ રૂ. ૩૩,૭૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ચિલોડા પોલીસ મથકના પોલીસ જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે છાલા ગામ પાસે આવતા તેઓને ખાનગી રાહે બાતમી મળી હતી કે છલા ગામે સુજલામ-સુફલામ કેનાલ પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક જુગારીઓ જુગારની બાજી માંડીને બેઠા છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યાએ તપાસ કરતા ગોળ કુંડાળુ વળીને જુગાર રમી રહ્યા હતા. પોલીસને જોઈને જુગારીઓમાં ભાગદોડ મચી જવા પામી હતી. પોલીસે તમામ જુગારીઓને કોર્ડન કરી પકડી પાડ્યા હતા.પકડાયેલા જુગારીઓમાં છાલા ગામની આંટાની શેરી ૨૯ વર્ષિય ભાવેશ ફતાજી મારવાડી, છાલા ગામે વણકરવાસ ખાતે રહેતા ૪૨ વર્ષિય પ્રહલાદજી વાલજીભાઈ લેઉવા, તેમજ નવા ઠાકોરવાસ કાનપુરરોડ પર રહેતા રમેશજી કાળાજી ઠાકોરનો સમાવેશ થાય છે. પોલીસે દાવ પરથી તેમજ જુગારીઓની અંગજડતીમાંથી રોકડ રૂ.૧૮,૭૦૦ અને જુગારીઓ પાસેથી વિવિધ કંપનીના ત્રણ મોબાઈલ કિં.૧૫ હજાર મળી કુલ રૂ.૩૩,૭૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.






શાહપુર ગામમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. ધારાસભ્ય શંભુજી ઠાકોરના હસ્તે ગ્રામજનોની ઉપસ્થિતિમાં આ ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની સાથે જ ગામમાં સ્વચ્છતા અભિયાન પણ યોજાયુ હતુ.

# દહેગામમાં ડેમેજ કંટ્રોલની કામગીરી હાથ ધરતુ સંગઠ્ઠન

## ધારાસભ્યે આજે સાંજે ચૂંટાયેલા સભ્યો અને સંગઠ્ઠનની બેઠક બોલાવી બધાને સાંભળ્યા

ગાંધીનગર, તા. ૩૦

દહેગામ ન.પા.માં ગઈકાલે ભાજપની આંતરિક લડાઈ સપાટી પર આવ્યા પછી હરકતમાં આવેલા જિલ્લા સંગઠ્ઠન દ્વારા ડેમેજ કંટ્રોલની કામગીરી હાથ ધરવામાં આવી છે. આજે ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે સંગઠ્ઠન અને ચૂંટાયેલી પાંખના સભ્યોની બેઠક સાંજે બોલાવી હતી.

બલરાજસિંહ અને સંગઠ્ઠનના આગેવાનોએ સભ્યોને એક પછી એક વ્યક્તીગત સાંભળી તેમના રોષને ઠંડો કરવાની કવાયત હાથ ધરી છે. મોડી સાંજે મળેલા અહેવાલો પ્રમાણે સાંજે ૬ વાગ્યા સુધી ૬ જેટલા સભ્યોની રજુઆતો સાંભળવામાં આવી હતી.

જિલ્લા સંગઠ્ઠન માટે આ વખતે ચૂંટાયેલી પાંખો દુ:ખાવા સમાન પુરવાર થઈ રહી છે. જિલ્લા પંચાયતમાં પણ સામાન્ય સભામાં આંતરિક લડાઈ બહાર આવી હતી અને પ્રમુખ-ડી.ડી.ઓ.ને ફાળવવામાં આવેલી ગ્રાન્ટ પરત ખેંચવાનો સર્વાનુમતે નિર્ણય થયો હતો. ત્યારે પણ સંગઠ્ઠનને દરમ્યાનગીરી કરી સબ સલામતની વાતો જાહેર કરી છે.

જિલ્લા ભાજપ માટે એક સાંધે તેર તુટે જેવી સ્થિતિ ઉભી થઈ છે. દહેગામમાં જ નહિ પણ તમામ તાલુકામાં સંગઠ્ઠન અને ચૂંટાયેલી પાંખો વચ્ચે મનમોટાવની સ્થિતિ જોવા મળી રહી છે. સંગઠ્ઠનમાં પણ આંતરિક ખેંચતાણો ચાલી રહી છે.

# લવારપુર સ્વામિનારાયણ હાઈસ્કૂલ ખાતે ગાંધીનગર જિલ્લા કર્તાવ્ય બોધ દિન કાર્યક્રમ યોજાયો

ચિલોડા, તા. ૩૦

ગાંધીનગર તાલુકાના લવારપુર સ્થિત સ્વામિનારાયણ દ્વિશતાબ્દી સ્મારક હાઈસ્કૂલ



ખાતે ગાંધીનગર જિલ્લા શૈક્ષણિક મહાસંઘ દ્વારા ગાંધીનગર જિલ્લા કર્તવ્ય બોધ દિન કાર્યક્રમમાં મુખ્ય વક્તા હર્ષદભાઈ શાહ કુલપતિ ચિલ્ડ્રન્સ યુનિ. ગાંધીનગર તથા રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ ગુજરાતના સંગઠન મંત્રી ઘનશ્યામ પટેલ મહામંત્રી મિતેષ ભટ્ટ, સહ સંગઠનમંત્રી પરેશ પટેલ અને યજમાન સંસ્થાના અધ્યક્ષ અને મંત્રી ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય વક્તા હર્ષદદાદાએ સ્વામી વિવેકાનંદ અને સુભાષચંદ્ર બોઝના જીવન પ્રસંગો ઉદાહરણ સાથે સુંદર રીતે રજૂ કરી ઉપસ્થિત કાર્યકરબંધુ ભગીનીને શિક્ષક તરીકેના પોતાના સમાજ અને દેશ માટેના કર્તવ્યની વાત સુંદર રીતે રજૂ કરી સાથોસાથ સંગઠનના વિકાસ માટે કાર્યકર્તામાં જરૂરી




ગુણોની વાત પણ શ્રોતાઓ સમક્ષ રજૂ કરી ત્યારબાદ મિતેષ ભટ્ટ અને બાદમાં ઘનશ્યામભાઈએ સમતા ધરી સૌ શિક્ષકો સુધી સંગઠનના વિચારો પહોંચાડવાની વાત સાથે વિજ્ઞાન વિષયના તત્વ, મિશ્રણ સંયોજનની વ્યાખ્યાને સંગઠન સાથે જોડી સૌ શિક્ષક બંધુ ભગીનીને બોધ દિનના રસપ્રદ પાથેયની સાથે આમંત્રિત મહેમાનો સાથે જોડોલા નિવૃત કર્મનિષ્ઠ કાર્યકર શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું તેમજ રાજ્ય જિલ્લા તાલુકા કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી પામેલ તથા વરિષ્ઠ કામગીરી બદલ એવોર્ડથી સન્માનિત શિક્ષક બંધી બગીનીનું સન્માન કરવામાં આવ્યું. અંતમાં ઉ. માધ્યમિક વિભાગના મંત્રી ફાલ્ગુનભાઈ મોઢ દ્વારા આભારવિધિ કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન જિલ્લા અધ્યક્ષ હર્ષદભાઈ પટેલ અને મહામંત્રી સંજયભાઈ જણસારી દ્વારા કરવામાં આવ્યુ.